## ❖ ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલ સફાઇ કામદારના આશ્રિત બાળકોને શિષ્યવૃત્તિ આપવા અંગેની યોજના :

- નામદાર સુપ્રિમકોર્ટના તા. ૨૦/૧૦/૨૦૨૩ ના ચૂકાદા અન્વયે રાજયમાં ગટર સફાઇની કામગીરી દરમ્યાન ઝેરી ગેસ ગળતર થવાથી ગૂંગળામણથીને કારણે મૃત્યુ પામેલ સફાઇ કામદારના આશ્રિત બાળકોને સરકારશ્રી દ્વારા આપવામાં આવતી અન્ય શિષ્યવૃતિ યોજના ઉપરાંત માસિક રૂા. ૩,૦૦૦/- લેખે શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાનો લાભ જે સફાઇ કામદારનું મૃત્યુ ગટર સફાઇની કામગીરી દરમ્યાન ઝેરી ગેસ ગળતર થવાથી ગૂંગળામણથી થયેલ હોઇ, તેમના તમામ આશ્રિત બાળકોને મળવાપાત્ર છે. સદરહુ યોજનાનો લાભ ધોરણ-૧ થી લઇને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિધાર્થી/વિધાર્થીનીને આપવામાં આવશે.